# કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,નવસારી

મેજીસ્ટ્રેટ શાખા, જિલ્લા સેવા સદન,૧લો માળ,કાલીયાવાડી,નવસારી

ફો.ન.૦૨૬૩૭-૨૪૮૦૯૯, ફેકસ- ૨૮૧૫૪૦, ઈમેઈલ- collector-nav@gujarat.gov.in

નં.ડીસીબી/એમએજી/કોરોના/કન્ટેઈનમેન્ટ/જા.નામુ/વશી.૮૫૪૮ થી ૮૫૫/૨૦૨૦ તા.૦૬/૦૬/૨૦૨૦

**ધ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૨૬(૨),૩૦ તથા કલમ-૩૪ તેમજ ધી એપેડેમિક ડીસીઝ એકટ ૧૮૯૭ની કલમ-૨ હેઠળનું જાહેરનામુ ::-**

<u>વંચાણે લીધાં:-</u>

(૧) ધ એપેડેમીક ડીસીઝ એકટ -૧૮૯૭
(૨) ધી ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ,૨૦૦૫
(૩) ધ ગુજરાત એપિડેમીક ડીસીઝ COVID-19 રેગ્યુલેશન્સ,૨૦૨૦- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગરનાં જાહેરનામા ક્રમાંક:જીપી-૯/એનસીવી/૧૦૨૦૨૦/એસ. એફ. એસ.૧-ગ તા.૧૩/૦૩/૨૦૨૦
(૪) ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના હુકમ No.40-3/ 2020- DM-I(A) Date-30/05/2020 તથા તે હેઠળની ગાઈડલાઈન્સ
(૫) ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક: જીજી / ૨૮ / ૨૦૨૦ / વિ-૧ / કઅવ / ૧૦૨૦૨૦ / ૪૮૨ / તા.૩૦/૦૫/૨૦૨૦
(૬) અત્રેની કચેરીના જાહેરનામા નં.ડીસીબી/એમએજી/Covid-19/Unlock-1/CrPC-૧૪૪/જા.નામુ/વશી.૮૦૭૮ થી ૮૧૧૭/ ૨૦૨૦ તા.૩૧/૦૫/૨૦૨૦
(૭) મામલતદારશ્રી,નવસારી શહેરના તા.૦૬/૦૬/૨૦૨૦નો પત્ર

## -:જાહેરનામું :-

સમગ્ર ગુજરાત રાજય તેમજ ભારતમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાયેલ છે કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી તથા ગુજરાત સરકારશ્રી ધ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાવો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સંદર્ભ-(૪)થી સમગ્ર દેશમાં તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી લોક ડાઉન બાબતે જરૂરી આદેશો આપવામાં આવેલ છે. **નવસારી જિલ્લાના નગરપાલિકા વિસ્તારમાં (COVID-19) નો પોઝીટીવ કેસ પ્રકાશમાં આવેલ છે.** આ વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલારૂપે લોકોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવવાની જરૂરીયાત જણાય છે.

**તેથી હું, આર્દ્રા અગ્રવાલ (આઈ.એ.એસ.) જિલ્લા મેજીસ્ટ્રેટ,નવસારી, ધ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ની કલમ-૨૬(૨),૩૦ તથા કલમ-૩૪ તેમજ ધી એપેડેમિક ડીસીઝ એકટ ૧૮૯૭ની કલમ-૨ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવુ છું કે,**

**નવસારી જીલ્લામાં નગરપાલિકા વિસ્તારમાં નીચે જણાવેલ વિસ્તારને Containment Area તરીકે જાહેર કરવામાં આવે છે.**

| -: કન્ટેઈનમેન્ટ એરિયા :- | |
|---|---|
| **નવસારી જિલ્લાના નવસારી નગરપાલિકાના હદવિસ્તારમાં આવેલ ટીપી સ્કીમ નં.૨ અંતિમ ખંડ નં.૪૮માં આવેલ નવી પોલીસ વસાહત પૈકી બ્લોક નં.બી-૫ના ફલેટ નંબર ૬૫ થી ૮૦ની ચતુ:દિશા**<br>પૂર્વ :- B-4 બિલ્ડીગની બાજુમાં B-5 ની શરૂ થતી માર્જીન થી શરૂ કરી,<br>પશ્ચિમ :- B-5 બિલ્ડીગ અને કોમન પ્લોટ / પાર્કિગના બન્નેની વચ્ચે આવેલ હદ સુધી.<br>ઉત્તર :- B-5 બિલ્ડીગની પાછળ આવેલ નવી પોલીસ લાઈનના કોમન કંમ્પાઉન્ડ વોલથી શરૂ કરી,<br>દક્ષિણ:- B-5 બિલ્ડીગ અને B-2 બિલ્ડીગની વચ્ચે આવેલ કોમન રસ્તાની B-5 બિલ્ડીગ તરફથી શરૂ થતી હદ સુધી (સંપૂર્ણ B-5 બિલ્ડીગના ફલેટ નં.૬૫ થી ૮૦ની મુખ્ય એન્ટ્રી સહીત) | **આ વિસ્તાર ચારે બાજુથી સીલ કરી તેમાંથી બહાર કે અંદરની અવર-જવર પ્રતિબંધિત કરવામાં આવે છે.** |

Scanned with CamScanner

ઉપરોક્ત **કન્ટેઈનમેન્ટ એરિયા** તરીકે જાહેર કરવામાં આવેલ વિસ્તારમાં તમામ પ્રકારની અવર–જવર પર પ્રતિબંધ મુકવામાં આવે છે. આ વિસ્તારના રહેવાસીઓને રાશન વિગેરે આવશ્યક ચીજવસ્તુઓ તંત્ર ધ્વારા હોમ ડીલીવરીથી તેમના ઘરે પુરી પાડવામાં આવશે.

**–: સમયગાળો :–**

**આ જાહેરનામું આજ તા.૦૬/૦૬/૨૦૨૦ થી તા.૧૯/૦૬/૨૦૨૦(બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.**

**–: શિક્ષા :–**

આ જાહેરનામાનાના કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૫૧ થી ૫૮ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે. નવસારી જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૃધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

**–: અપવાદ :–**

આ હુકમ સરકારી ફરજ–કામગીરી ઉપરના હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ–સરકારી એજન્સી, સરકારી / પ્રાઈવેટ દવાખાનાના સ્ટાફ તથા ઈમરજન્સી સેવા સાથે સંકળાયેલ વ્યકિત કે જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેઓને તથા ભારત સરકારના ગૃહ મંત્રાલયના હુકમ નંબર–૪૦–૩/૨૦૨૦/ડીએમ–આઈ–(એ) તા.૩૦/૦૫/૨૦૨૦ ના હુકમથી જાહેર કરવામાં આવેલ આવશ્યક સેવાઓ કે જે માટે અધિકૃત અધિકારી દ્રારા ઓળખકાર્ડ /પાસ ઈસ્યુ કરવામાં આવેલ છે તેવા વ્યકિતઓને આ હુકમ લાગુ પડશે નહી .

**–: જાહેર વિજ્ઞપ્તિ :–**

આ હુકમની બજવણી કરવી વ્યકિતગત રીતે શકય ન હોય એકતરફી હુકમ કરવામાં આવે છે તથા આ હુકમની જાહેરાત વર્તમાનપત્રોમાં, અખબારી યાદી રૂપે આપી તથા રેડીયો ટેલિવિઝન, કેબલ ટી.વી.નેટવર્ક તથા લોકો એકત્રીત થતાં હોય તેવી કચેરીઓમાં નોટીસ બોર્ડ ઉપર ચોંટાડીને તથા રાજય સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ કરીને કરવાની રહેશે.

આજરોજ તા.૦૬/૦૬/૨૦૨૦ના રોજ મારી સહી અને મુદ્રા કરી આપી.

રવાના કર્યુ

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
નવસારી

DISTRICT MAGISTRATE
જિલ્લા મેજીસ્ટ્રેટ
નવસારી
NAVSARI

સહી/–xxx
આર્દ્રા અગ્રવાલ
જિલ્લા મેજીસ્ટ્રેટ,નવસારી

પ્રતિ,

મેનેજરશ્રી, સરકારી પ્રેસ વડોદરા.

૨/– ઉકત જાહેરનામાની ૨(બે) નકલો આ સહ સામેલ છે. જેને અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી ૫ નકલો અત્રેની રેકર્ડ શાખાને મળે તે રીતે મોકલી આપવા વિનંતી સહ.

**નકલ સવિનય રવાના:–**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) સચિવશ્રી, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૩) કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, ગુજરાત સરકાર, જુના સચિવાલય, ગાંધીનગર.
(૪) પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, નવસારી
(૫) ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટશ્રી, નવસારી.

Scanned with CamScanner

**નકલ જયભારત સહ રવાના:–**

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નવસારી.

(૨) જયુડીશિયલ મેજીસ્ટ્રેટશ્રી(ફ.ક.) નવસારી / જલાલપોર / ગણદેવી / ચીખલી / વાંસદા

(૩) પોલીસ અધિક્ષકશ્રી, નવસારી.
આપની કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર તથા તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરાવી તે અંગેના રોજકામની નકલો આપના દફતરે રાખવા સારૂં.

(૪) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,નવસારી.

(૫) સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, નવસારી/ચીખલી/વાંસદા.

(૬) જિલ્લા પુરવઠા અધિકારીશ્રી,નવસારી.

(૭) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,નવસારી.

(૮) આયોજન સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી, ચીખલી/વાંસદા.

(૯) મામલતદારશ્રી, નવસારી(શહેર/ગ્રામ્ય)/જલાલપોર/ગણદેવી/ચીખલી/વાંસદા/ખેરગામ.

(૧૦) તાલુકા વિકાસ અધિકારીશ્રી,નવસારી/જલાલપોર/ગણદેવી/ખેરગામ

(૧૧) સહાયક માહિતી નિયામકશ્રી, નવસારી.
સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચાર રૂપે બહોળી પ્રસિધ્ધિ અપાવવા સારૂં.

(૧૨) જિલ્લા સરકારી વકીલશ્રી,નવસારી

(૧૩) ચીફ ઓફિસરશ્રી,નવસારી/વિજલપોર/ગણદેવી/બીલીમોરા

(૧૪) નાયબ મામલતદારશ્રી, રેકર્ડ શાખા, નવસારી.
ઉકત જાહેરનામાની ગેઝેટની નકલ આપની શાખામાં મળ્યેથી તાત્કાલીક મેજીસ્ટ્રેટ દફતરે પહોંચતી કરવા સારૂં.

Scanned with CamScanner